ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગટરલાઈનમાંથી શાકભાજી અને પ્લાસ્ટીક કચરાનો ઢગ નીકળ્યો

## સે. ૨૧ શાકમાર્કેટમાં ગટરસફાઈવેળાએ તંત્રને શિરદર્દ

ગાંધીનગર, તા. ૧

સે. ૨૧ શાકમાર્કેટમાં છેલ્લા કેટલાક સમયથી ગટરો ઉભરાતા દુષિત પાણીનો ભરાવો થયો હતો. જેના પગલે તંત્ર દ્વારા આજે ગટર સફાઈનું અભિયાન હાથ ધર્યુ હતું. જો, કે ખુલ્લી ગટરલાઈનમાંથી શાકભાજી તેમજ પ્લાસ્ટીકના કચરાનો ઢગ નીકળ્યો હતો.

શહેરમાં ગટરો ઉભરાવવાની ફરીયાદોનું પ્રમાણ વધ્યું છે. ત્યારે તંત્ર માટે સફાઈ કામગીરી શિરદર્દ સમાન બની છે. ગટર સફાઈનું કામ અસરકારક બનાવવા તંત્ર દ્વારા નવુ મશીન ખરીદવા પણ વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. સેક્ટરોમાં ઉભરાતી ગટરોના મામલે મોટાભાગે તંત્ર પર દોષનો ટોપલો ઢાલવી દેવાય છે. પરંતુ કેળવવી અનિવાર્ય થઈ પડી છે. ગટર સફાઈ દરમિયાન મોટાભાગે કચરાપેટી ઉલેચતા હોય તેવી સ્થિતિ સર્જાય છે. સે. ૨૧ શાકમાર્કેટમાં પણ ઉભરાતી ગટરોની સમસ્યા હલ કરવા ગટર વિભાગનું તંત્ર કામે લાગ્યું હતું. ગટરલાઈનમાંથી શાકભાજી તેમજ



(તસવીર : દિપક જાની)

ગટરલાઈનની સફાઈ દરમિયાન અગાઉ વાસણો અને મેડીકલ વેસ્ટ નીકળતા તંત્રના અધિકારી ચોંકી ઉઠ્યા હતા. ગટરો ઉભરાવવાની સમસ્યાને ડામવા લોકજાગૃતિ પ્લાસ્ટીકનો કચરાનો ઢગ નીકળ્યો હતો. આ તબક્કે સ્થાનિક ઈન્કવાયરી કચેરીને જાણ કરી ખુલ્લી ગટરલાઈનને ઢાંકણ લગાવવા સૂચના આપી હતી.



**દિગ્ગજો એક મંચ પર :** જૂનાગઢ ખાતે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભાજપના અગ્રણી શ્રીમતી ભાવનાબેન ચીખલીયાનું અવસાન થતાં યોજાયેલ શ્રદ્ધાંજલિ સભામાં ભાજપના દિગ્ગજ નેતાઓએ ઉપસ્થિત રહી ભાવભીની અંજલિ આપી હતી. લાલકૃષ્ણ અડવાણી અને નરેન્દ્ર મોદી તાજેતરમાં ભાજપમાં વિવાદના કેન્દ્રો બન્યા હતા અને બંને વચ્ચેના મતભેદો સપાટી પર આવતા સમગ્ર મિડિયામાં ચર્ચા જાગી હતી. સોમવારે બપોરે યોજાયેલ શ્રદ્ધાંજલિ સભામાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહની ડાબી જમણી બાજુએ અડવાણી અને નરેન્દ્ર મોદી બેસીને અંતર પણ જાળવ્યું અને એકતા પણ દર્શાવી.

# ચેક પરત થવાના કેસમાં આરોપીને ૬ માસની કેદ

## રૂ. ૩.૮૨ લાખ દંડ પેટે ભરવા પણ કોર્ટનો આદેશ

ગાંધીનગર, તા.૧

રૂપિયા ૩ લાખનો ચેક પરત થવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૬ માસની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત કોર્ટે આરોપીને રૂ. ૩.૮૨ લાખ દંડ પેટે ભરવા પણ આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર સે-૨૨માં સ્થિત સોહમપાર્ક ખાતે પ્લોટ નં. ૫૨૯/૨માં રહેતા મોહનભાઈ આત્મારામ ચૌહાણ તેમજ સે-૨-એમાં પ્લોટ નં. ૧૨૫૫/૨માં રહેતા સુરેશ પી. ઈજનેરના બેંક એકાઉન્ટ આઈ. સી. આઈ. સી. આઈ.માં હોવાથી પરિચય થયો હતો. એક જ બેંકમાં ખાતુ ધરાવતા આ બંને વ્યકિતની ઓળખાણ થયા બાદ મોહનભાઈને જાણતા બે વ્યકિત સુરેશભાઈને લઈને તેમને મળવા ગયા હતા. આ દરમિયાન આરોપી સુરેશ પી. ઈજનેરને પૈસાની જરૂરિયાત ઉભી થતા તેમણે મોહનભાઈ પાસે રૂ. ૩ લાખની માંગણી કરી હતી. મોહનભાઈએ આરોપીને આ રકમ હાથ ઉછીની આપી હતી જેની સામે નિયત સમયમાં લેણી રકમ પરત કરી દઈશ તેવો વિશ્વાસ પણ આરોપીએ આપ્યો હતો. લેણી રકમ સંદર્ભે આરોપીએ આપેલ રૂ. ૩ લાખનો ચેક તેમણે બેંકમાં જમા કરાવતા અપૂરતા ભંડોળના લીધે પરત થયો હતો ઉછીના આપેલ નાણાં પરત ન મળતા તેમણે આરોપીને વકીલ મારફતે નોટીસ આપી હતી. આ કેસ સંદર્ભ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે કોર્ટમાં ફરિયાદ દાખલ થઈ હતી.

આ કેસ ગાંધીનગરની ૮મા ચીફ જયુ.મે.જી. કોર્ટમાં ચાલી જતા ફરિયાદીના વકીલ તરીકે શંકરસિંહ મ. ગોહીલે દલીલો કરી હતી. જે દલીલોને ધ્યાને લઈ જજ શ્રી વિરાટ એ. બુધ્ધે આરોપીને ૬ માસની કેદની સજા તેમજ રૂ. ૩.૮૨ લાખનો દંડ ભોગવવા હુકમ કર્યો છે અને દંડ ન ભરે તો વધુ ૬ માસની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે આ ઉપરાંત દંડની રકમ સંદર્ભે ફરીયાદીને રૂ. ૩.૭૨ લાખ વળતર પેટે ચૂકવવા પણ આદેશ કર્યો છે.

# શહેરમાં નિકાલ હેઠળના ૨૦ ટકા આવાસો હજુ ખાલી થયા નથી

## ખાલી બ્લોક તોડવાના કામને અગ્રતા અપાશે

ગાંધીનગર, તા. ૧

નિકાલ હેઠળના મકાનો તોડી પાડવા તંત્ર હવે સજ્જ થયું છે ત્યારે નિકાલ હેઠળના ભયજનક ૨૦ ટકા આવાસો ખાલી થઈ શક્યા નથી. સે. ૧૩માં જ ૧૦૦ થી વધુ મકાનોમાં કર્મચારીઓનો વસવાટ છે. આવા સંજોગોમાં ખાલી બ્લોક તોડવાના કામને અગ્રતા આપવા પણ આયોજન કરવામાં આવ્યું છે.

શહેરના સેક્ટરોમાં સ્થિત વિવિધ કક્ષાના ૧૬ હજારથી વધુ સરકારી આવાસો પૈકી વર્ષ ૨૦૦૫ દરમિયાન વિભાગ દ્વારા ૧૯૦૪ મકાનો નિકાલ હેઠળના જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે નિકાલ હેઠળના આ મકાનોનો કઈ રીતે નિકાલ કરશે તે અંગે છેલ્લા ૭ વર્ષથી કોઈ નિર્ણય લેવાતો ન હતો. આખરે મામલે ઉચ્ચકક્ષાએ બેઠક તેમજ પ્રેઝન્ટેશનના અંતે નિકાલ હેઠળના જોખમી મકાનો તોડી પાડવા નિર્ણય લેવાયો છે. આગામી ટૂંક સમયમાં નિકાલ હેઠળના મકાનો તબક્કાવાર તોડી પાડવાનું કામ હાથ ધરવામાં આવશે. નિકાલ હેઠળના મોટાભાગના અલબત્ત ૧૦૦૦ થી વધુ મકાનો સે. ૭ અને સે. ૧૩માં સ્થિત છે. સે. ૧૩માં જ-૧ કક્ષાના ૧૩ બ્લોક ખાલી છે જ્યારે જ કક્ષાના ૩૩ બ્લોક ખાલી છે જ્યારે ૧૦૦ થી વધુ મકાનો હજુ પણ ખાલી થયા નથી. આ ઉપરાંત ચ-૧ કક્ષાના ૫ અને ઘ-૧ કક્ષાના ૪ બ્લોક પણ ખાલી હાલતમાં છે.

સે. ૧૩માં જ કુલ ૫૫ જેટલા બ્લોક ખાલી કરાવી દેવાયા છે. જ્યારે સે. ૭માં જ-૨ કક્ષાના ૩૩ બ્લોક ખાલી છે. જ-૧ કક્ષાના ૧૮ બ્લોક ખાલી છે. નિકાલ હેઠળના મકાનો પૈકી સે. ૭ માં ૬૩૬ અને સે. ૧૩માં ૪૬૬ યુનિટો છે. જ્યારે સે. ૩૦માં ૨૮૦ યુનિટોનો નિકાલ હેઠળમાં સમાવેશ થાય છે. પરંતુ આ બન્ને સેક્ટરો સહીત નિકાલ હેઠળના પૈકી ૨૦ ટકા મકાનો ખાલી ન હોવાથી તંત્રને હવે ખાલી બ્લોક તોડવાનું કામ પહેલા હાથ ધરવા આયોજન કર્યુ છે.

# એબીવીપી દ્વારા કુલપતિના વિરોધમાં જોરદાર સુત્રોચ્ચાર

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચાર ખાનગી સંસ્થાઓ દ્વારા એમઓયુ કરીને કોર્સ ચલાવવાની પરવાનગીનો વિરોધ વધુને વધુ ઉગ્ર બની રહ્યો છે. જેમાં આજે અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદ દ્વારા યુનિવર્સિટી કેમ્પસમાં એમઓયુનો વિરોધ કરી રજીસ્ટ્રારને આવેદનપત્ર પાઠવ્યું હતું. અને કુલપતિ આદેશપાલ સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ આદેશપાલ દ્વારા ચાર ખાનગી સંસ્થાઓને ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં કોર્સ ચલાવવાની મંજુરી આપવામાં આવી છે. મસમોટી ફી વસુલતી આ સંસ્થાઓને યુનિવર્સિટી કેમ્પસમાં મફત ભવન ફાળવી લૂંટ ચલાવવાની મંજુરી આપવા માટે કુલપતિ સામે વિરોધ વધુ ઉગ્ર બની રહ્યો છે સેનેટે સભ્યો અને યુથ ભાજપના આગેવાનો બાદ આજે અખિલ ભારતીય પરીષદના કાર્યકરો દ્વારા એમઓયુ મુદ્દે કુલપતિ વિરોધ સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. એબીવીપીનાં ૨૦૦ કાર્યકરો આજે બપોરે એક વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં રજીસ્ટ્રારને રૂબરૂ મળી આવેદનપત્ર પાઠવ્યું હતું. આ અંગે વિદ્યાર્થી નેતા નિકુલ દેસાઈએ જણાવ્યું હતું કે પરિષદ દ્વારા રજીસ્ટ્રરને આવેદપત્ર પાઠવીને કરારની સમગ્ર પ્રક્રિયા કેવી રીતે કરાઈ તેના પુરાવા માંગવામાં આવ્યા છે. અને જો આ કરાર એમઓયુ દ્વારા કરાયો હોય તો એમઓયુની નકલ માંગવામાં આવી છે. અને જો યુનિવર્સિટી તરફથી કોઈ જવાબ નહી આપવામાં આવે તો બે દિવસ બાદ એબીવીપી દ્વારા ગુજરાત યુનિવર્સિટી અને કુલપતિ વિરોધ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# સ્વર્ણિમ એક્સપ્રેસ વેઈટીંગ લોન્જ અને ઓનલાઈન મહિલા હેલ્પલાઈન સેવાનો શુભારંભ

ગાંધીનગર, તા. ૧

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા સંચાલિત સ્વર્ણિમ એક્સપ્રેસ એસી, વોલ્વો બસ સેવાના પ્રવાસીઓને વધુ સારી સેવાઓ આપવાના હેતુથી સ્વર્ણિમ એક્સપ્રેસ વેઈટીંગ લોન્જ (હાઈ એન્ડ સર્વિસ) અને ઓન લાઈન મહિલા હેલ્પલાઈન સેવાનો શુભારંભ કરવામાં આવ્યો છે.

૪૦૩૨૪ કર્મચારી/અધિકારીઓ એસ.ટી. નિગમમાં ફરજ બજાવી રહેલ છે જે પૈકી ૪૮૧ મહિલા કર્મચારી/અધિકારી ફરજ બજાવે છે, તાજેતરમાં કંડકટરની કક્ષામાં પણ ૧૯૪ મહિલાઓને નીયુકતીઓ આપવામાં આવેલ છે, દૈનિક ૫ લાખ મહિલા મુસાફરો બસમાં પ્રવાસ કરે છે, મહિલાઓની રજુઆતો માટે હેલ્પ લાઈન http://www.gsrtc.in ની નિગમની વેબસાઈટમાં મથાળાના ભાગે 'ઓન લાઈન મુસાફર ફરીયાદ કેન્દ્ર' નામની વીન્ડો ઉપર કલીક કરવાથી 'પ્રવાસી @' નામનું પેજ ખુલશે, જેમાં 'વુમન હેલ્પલાઈન' કલીક કરી કોઈપણ મહીલા તેમની રજુઆત કે ફરીયાદ તેમાં નોંધાવી શકશે તથા અગાઉ કરેલ કમ્પલેઈનનુ સ્ટેટસ પણ કપ્લેઈન સ્ટેટસની વીન્ડો ઉપર કલીક કરવાથી જાણી શકશે, તથા કોઈપણ મહિલા મોબાઈલથી ૫ એસ.ટી. નિગમને લગતી રજુઆત કરી શકશે.

# પૂર્વ સાંસદની પત્નીનાં ગળામાંથી ચેઈનસ્નેચિંગ

અમદાવાદ,તા.૧

કોંગ્રેસનાં પૂર્વસાંસદ મુકેશ ગઢવીનાં પત્ની ક્રિષ્નાબેન ગઢવી ગઈકાલે સવારે તેમના ઘર પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે અજાણ્યા બાઈકસવારોએ તેમના ગળામાં રહેલા સોનાનાદોરાની ચીલઝડપ કરી નાસી છૂટ્યા હતા. આ અંગે ક્રિષ્નાબેને ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનોનોંધી તપાસ હાથી ધરી છે. શહેરનાં આંબાવાડી વિસ્તારમાં આવેલા શાંકુતલ એપાર્ટમેન્ટમાં કોંગ્રેસનાં પૂર્વ સાંસદ મુકેશભાઈ ગઢવી રહે છે. મુકેશભાઈનાંપત્ની ગઈકાલેસવારેતેમનના એપાર્ટમેન્ટ પાસેથી પસાર થઈ રહ્યા હતા. બે અજાણ્યા બાઈકસવારો ક્રિષ્નાબેન પાસે આવ્યા હતા અને તેમના ગળામાં રહેલો સોનાનો દોરો નાસી ગયા હતા.

# આજે સુરત ખાતે પ્રદેશ કોંગ્રેસ કારોબારી બેઠક

ગાંધીનગર, તા. ૧

સુરત ખાતે આવતીકાલે મળનારી ગુજરાત કોંગ્રેસની પ્રદેશ કારોબારી બેઠકમાં આગામી લોકસભા ચૂંટણીની તૈયારી માટેની રણનીતિ નક્કી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયાની અધ્યક્ષતામાં અને ગુજરાતના પ્રભારી ગુરૂદાસ કામતની ઉપસ્થિતિમાં આવતીકાલે સુરત ખાતે મળનારી પ્રદેશ કારોબારીમાં વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલા, પૂર્વ વિપક્ષી નેતા શક્તિસિંહ ગોહિલ પ્રદેશ આગેવાનો અને કારોબારીના સભ્યો આ બેઠકમાં ઉપસ્થિત રહેનાર છે.

ઘણા લાંબા સમય પછી સુરત ખાતે પ્રદેશ કોંગ્રેસ કારોબારીની બેઠક મળનારી છે. આ બેઠકમાં ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની સામાન્ય અને પેટા ચૂંટણીઓમાં કોંગ્રેસને મળેલા પરાજય અંગે મંથન કરવામાં આવશે અને હારના કારણે અને સંગઠનની રહેલી ક્ષતીઓ અંગેની સમીક્ષાઓ પણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીઓ આવી રહી છે. ત્યારે આ ચૂંટણીઓની તૈયારી માટે અને ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો પર બુથવાર સંગઠ્ઠનને મજબુત બનાવવા માટેની ચર્ચાવિચારણા કરીનેઆયોજન ઘડી કાઢવામાં આવશે.

પ્રદેશ કોંગ્રેસમાં ચાલતા આંતરીક જુથવાદ અંગેનો તાગ પણ પ્રભારી દ્વારા મેળવવામાં આવશે અને વિધાનસભા ચૂંટણીઓમાં કોંગ્રેસને મળેલા પરાજય અંગેના કારણોનો પણ તાગ મેળવીને ગુજરાતના પ્રભારી ગુરૂદાસ કામત પોતાનો એક અહેવાલ તૈયાર કરીને કોંગ્રેસ મોવડીમંડળને સુપરત કરશે.

સુરતમાં આવતીકાલે પ્રદેશ કારોબારી બેઠક મળી રહી છે ત્યારે આગામી લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને ગુજરાતમાં સૌથી વધુ બેઠકો પર જીત અપાવવા માટે કોંગ્રેસ દ્વારા રણનીતિ ઘડી કાઢવામાં આવશે અને પ્રદેશ આગેવાનોને અત્યારથી જ આગામી લોકસભાની ચૂંટણીની તૈયારી માટે કામે લાગી જવા માટે અનુરોધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ કારોબારી બેઠક બાદ પ્રદેશ કોંગ્રેસ સંગઠ્ઠન માળખામાં ફેરફારો કરવાની પ્રક્રિયા હાથ ધરીને કેટલાક યુવા અને સ્વચ્છ પ્રતિભા ધરાવતા નેતાઓને મહત્વના સ્થાનો આપીને લોકસભા ચૂંટણીની જવાબદારી સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

લાંબા સમય બાદ પ્રથમવાર કોંગ્રેસની કારોબારી મળી રહી હોઈ સુરત જિલ્લા કોંગ્રેસ દ્વારા પ્રદેશ કારોબારી બેઠક માટે તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. આવતીકાલે ગુજરાત કોંગ્રેસના તમામ પ્રદેશ નેતાઓ સુરતમાં ધામા નાંખશે.
























Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com